૮ જૈન રાસાઓ.

(લેખકઃ-રા. રા. ગાંધી વલ્લભદાસ ત્રિભુવનદાસ.)

અનેક જૈન કવિઓએ અનેક રાસો લખેલા છે. કવિતામાં લખાયેલા અનેક મહા-પુરુષોનાં ચરિત્રોના કથા રૂપ ગ્રંથોને મુખ્યત્વે રાસ એવું નામ આપવામાં આવે છે. આવા રાસોમાં નીતિ અને ધર્મની જુદી જુદી વાતો સમજાવવા માટે ઉન્નત આત્માઓનાં જીવનચરિત્રો આપવામાં આવેલ હોય છે. વૈષ્ણવ ધર્મમાં પણ કેટલાક રાસો તે ધર્મના મહાપુરુષોએ રચ્યા છે. જૈન કવિના બનાવેલા રાસોમાં જુદે જુદે સ્થળે દૃષ્ટિ કરતાં તેમાં નવરસયુક્ત વર્ણનો આવે છે. જૈન રાસો કેટલેક સ્થળે તો રસ અને અલંકારથી છલકાઇ જાય છે, તેટલું જ નહીં પરંતુ રસના આલંબન, ઉદ્દીપન, વગેરે વિભાવોનો જ્યાં જેવો ઘટે તેવો ઉપયોગ કરી એ વર્ણનો વાંચવામાં આહ્લાદ થાય તેવાં રસભરિત કર્યા છે તેથીજ આવી કૃતિને જૈન કવિઓએ રાસ એવું નામ આપેલ ઉચિત છે. કાવ્યનો આત્મા રસ છે, જેથી રસિક કાવ્યને રાસ એ નામ યોગ્ય રીતે અપાયેલ છે. આવા રાસોમાંથી જેમ કેટલેક અંશે જૈન ઇતિહાસ દેખાય છે તેમ જુની ગુજરાતી ભાષા તે સમયે કેવી હતી તેનું પણ ભાન થાય છે. વળી સાહિત્ય શબ્દનો ખરો અર્થ આપતી વેળા એક સંસ્કૃત કોષમાં દાખલા તરીકે "રસાલંકારાદિ" એવું લખેલ જાણવામાં આવેલ છે, તો તે અર્થ લક્ષમાં રાખવાથી સ્પષ્ટ જણાશે કે, જૈન કવિ-તાઓને ગુજરાતી ભાષાનું સાહિત્ય કહેવું એ આવશ્યક છે કારણ સાહિત્યનો ખરો અર્થ તેમાં સાર્થક થાય છે.

જૈન રાસોની કવિતા હાલના કવિઓની પેઠે વૃત્ત કે છંદમાં લખવામાં આવેલ નથી, પરંતુ અમુક રાગ, મેળ અને તાલ સહિત ગવાય અને તેમાં કોઇ રાગ રાગિણીની છાયા આવે એવી દેશીઓ ઢાળો, ગરબીઓ, વગેરેમાં રચાયેલ છે. કવિ શ્રી પ્રેમાનંદે જેમ કડવાં અને શ્રીયુત દયારામભાઇએ મીઠાં એમ પોતાના કવિતાના ગ્રંથોમાં લખ્યું છે તેમ જૈન કવિઓએ દેશીઓનું નામ આપી ઉપર ઢાળ પહેલી ઢાળ બીજી એમ લખેલ છે. અને કવિ પ્રેમાનંદની કવિતામાં જેમ વલણ આવે છે તેમ જૈન કવિ રચિત રાસાઓમાં ઢાળની પૂર્વે દુહા-દોહરા કે સોરઠી દોહરા આપેલ હોય છે.

જૈન કવિ વિરચિત રાસાઓમાં પ્રથમ મંગળાચરણમાં જિનેંદ્રપ્રભુ-દેવની સ્તુતિ, પછી પોતાના ગુરુ અને સરસ્વતી દેવની સ્તુતિ કરેલી હોય છે; ત્યાર બાદ કયા પુરુષ માટે અને ધર્મના કયા સ્વરૂપ ઉપર રાસ લખ્યો છે તે જણાવવામાં આવે છે. દરેક રાસમાં છેવટે પ્રશસ્તિ-રચનાર મહા પુરુષનું નામ, રચવાનો સમય, સ્થળ (ગામ, સંવત, માસ વાર વગેરે) તેમજ પોતાના ગુરુની પરંપરા-પેઢીનામું આપવામાં આવતું હોવાથી તે ઐતિહાસિક સાહિ-ત્યનું અંગ પણ બને છે અને તેથી તેને સહાયરૂપ છે.

મુસલમાની રાજ્યના આરંભનો કાળ ગુજરાતમાં અંધાધુંધીનો અને ત્રાસનો તેમજ કેટલેક અંશે હિંદુ મંદિરો, અને સાહિત્યના વિધ્વંસનો હતો. આવા જુલમવાળા કાળમાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

લોકો સંસ્કૃત માગધિ-પ્રાકૃતાદિ ભાષાઓનો અભ્યાસ કરી ઉંચું તત્ત્વજ્ઞાન મેળવે એવી યોજના કે શાંતિ તે વખતે નહોતી, પરંતુ દરેક ધર્મ પુસ્તકોના ભંડારોનું રક્ષણ કરવું મુશ્કેલ થઇ પડતું હોવાના કારણે તે ભંડારો માંહેના પુસ્તકોનો વિનાશ થવાના ભયે સંતાડી મુકવામાં આવતાં હતાં. તેવા સંયોગમાં તેમજ પ્રાકૃત અને સંસ્કૃત ભાષાના અજ્ઞ જીવો માટે-સામાન્ય મનુષ્યો માટે, તે વખતના લોકોની અભિરુચિ ઉપર લક્ષ આપી આવા રાસો રચવામાં આવેલ છે. આવા ત્રાસના વખતમાં પણ જૈન મહાત્માઓ, ધર્મગુરુઓ જાગ્રત હતા. આવા રાસોની રચના જૈન ધર્મના આગમ-સૂત્રો ઉપરથી જ લીધેલી છે તે નિ:સંદેહ વાત છે. સામાન્ય મનુષ્ય પ્રાકૃત સંસ્કૃત ભાષાનું જ્ઞાન મેળવી ધર્મબોધ લઇ શકે એમ ન હોવાથી તે કાળમાં ચાલતી સરલ-ગુજરાતી ભાષામાં કાવ્યરૂપે તેવા મનુષ્યો ધર્મ-બોધ પામી શકે, સરલતાથી સમજી શકે એવી સ્વ-પરહિત બુદ્ધિથી સંસારથી ત્યાગી થયેલા, સંયમી મહાન પુરુષોએ આગમ-સૂત્રો-સંસ્કૃત કાવ્યોમાંની આખ્યાયિકાઓને રાસરૂપે દેશી ભાષામાં ઉતારી રચના કરી.

મુંબઇ યુનિવરસીટિની એમ. એ. ની પરીક્ષામાં ગુજરાતી ભાષા લઇને પાસ થનારને પંડિત વર્યશ્રી નેમવિજયજી રચિત જે શીલવતીનો રાસ વાંચવો પડે છે તે રાસ વડોદરા તરફથી પ્રાચીન કાવ્યમાળાના અંકમાં વિવેચન સહિત પ્રકટ થયેલ છે, તેમાં રા૦ બા૦ શ્રીયુત હરગોવિંદદાસ કાંટાવાળાએ જણાવેલ છે કે "રાસાનો સામાન્ય અર્થ કહાણી થાય છે. તે ઉપરથી આવા કથાના ગ્રંથોને રાસો કહેવાનો પરિચય પડયો હશે. રાસામાં કથેલી કથાઓ કવિ કલ્પિત હશે કે મૂળ તેમાં કાંઇ સત્ય હોઇ કવિની કલ્પનાએ વધારો કર્યો હશે તે વિશે અહીં વિવેચન કરતા નથી, પરંતુ આ કથાઓ ઘણી રસભરિત અને મનોરંજક હોય છે એમાં તો સંશય નથી. અમારા જોવામાં જે જે રાસાઓ આવ્યા છે તે સઘળામાં એક વાત અમે સામાન્ય રીતે જોઇ છે કે, તે બધામાં અદ્દ્ભુત વાર્તા સર્વોપરી હોય છે. શ્રોતાના મનને ચમત્કાર ઉત્પન્ન કરવા માટે કવિઓએ તે કાળમાં લોકશ્રદ્ધાને અનુસરીને એવાં અદ્દ્ભુત કથન તેમાં દાખલ કર્યાં હશે એમ સમજાય છે. મંત્રસિદ્ધિ, સુવર્ણ સિદ્ધિ રત્નાદિકના ચમત્કારી ગુણો, ભુત પ્રેતાદિની અદ્દ્ભુત ક્રિયાઓ, આકાશગમન, વૃક્ષાદિનું એક ઠામથી બીજે ઠામ ઉડી જવું ઇત્યાદિ અનેક કથાઓ એવા રાસાઓમાં વર્ણવેલી હોય છે......ધર્મ અને સુનીતિને કેવો ગાઢ સંબંધ છે તે જૈન કવિઓના લખાયેલા રાસાઓ ઉપરથી સ્પષ્ટ માલમ પડી આવે છે."

ઉપર પ્રમાણે રા૦ બા૦ શ્રીયુત કાંટાવાળાએ જૈન રાસોના સંબંધમાં તેમાંની કથા રસભરિત અને મનોરંજક હોય છે એમ જે કહ્યું છે તે અમારા અભિપ્રાયને મળતું છે. પરંતુ તે કલ્પિત છે કે કાંઇ સત્યતાવાળી છે તેમાં તેઓશ્રી શંકાશીલ અથવા તે સત્ય છે જ એમ જે શ્રદ્ધાપૂર્વક માનતા નથી તે સંબંધમાં અમારે જણાવવું અસ્થાને નથી કે જેમ મીમાંસક દર્શનનાં મુખ્ય શાસ્ત્ર ઇશ્વરપ્રણિત હોઇ તે કે તેમાં આવેલ કથાઓ સત્ય જ હોઇ શકે, તેમ જૈન ધર્મનાં મૂળ સૂત્રો આગમો કે જે તેમના ઇશ્વરપ્રણિત-તીર્થંકર ભગવાને પ્રરૂપેલા હોઇ તેમાં આવેલ વિષયો કે કથા સત્ય જ હોઇ શકે, તેથી અમોએ ઉપર જણાવેલ છે તેમ આ જૈન રાસો તે આગમોમાંથી ઉદ્ધરેલ હોવાથી તે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

માંહેની વાતો આ રાસોમાં પદ્ય રૂપે જણાવેલ હોવાથી તે કલ્પિત કે અપૂર્ણ સત્ય નથી પરંતુ ખરેખર બનેલી હકીકતોને જૈન કવિઓએ આકર્ષક ઘટનામાં ગોઠવેલી છે.

જૈન કવિઓએ જેમ જૈન રાસો ગુજરાતી ભાષામાં બનાવ્યા છે તેમ ગુજરાતી ભાષામાં સ્તવનો, સ્તુતિઓ અને સજઝાયો-સામાજિક સર્વમાન્ય-ઉપદેશક પદો પણ બનાવેલાં છે. હાલમાં જાણવા પ્રમાણે ગુજરાતી ભાષામાં અંકિત થએલા તેવા રાસો સુમારે પોણા-ચારસેં તો હાથ આવ્યા છે, છતાં હજી બીજા રાસો પણ ભંડારોમાં પડેલા હોય અને પ્રસિદ્ધિમાં ન આવ્યા હોય તેમ બનવા જોગ છે. આ બધા રાસો પ્રકટ થાય તો અનેક કાવ્યદોહનનાં પુસ્તકો થાય !!!

જૈન ધર્મમાં શ્વેતાંબરી અને દિગંબરી એમ બે મુખ્ય ભેદો છે. શ્વેતાંબરીમાં મૂર્તિપૂજક અને સ્થાનકવાસી એમ ભેદો છે. સ્થાનકવાસી મૂર્તિને માનતા નથી. શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન મહાત્માઓની કૃતિના ઘણા રાસો છે, જ્યારે સ્થાનકવાસી જૈન મહાત્માના આંગળીના ટેરવે ગણાય તેટલા જ રાસો છે. સ્થાનકવાસી જૈન ધર્મગુરુઓ ધર્મસિંહજી, ધર્મદાસજી, ખોડીદાસજી, જેમલજી ઋષિ, તિલોક ઋષિ, જેઠમલજી અને હમણાં થઇ ગયેલા શ્રી ઉમેદચંદ્રજી ઇત્યાદિ મુનિઓએ જ માત્ર રાસો વગેરે લખી ગુજરાતી સાહિત્યવૃદ્ધિની દિશામાં કંઇક પ્રયત્ન કર્યો છે.

કવિતા જેવી ચીજ સારા રાગમાં ગવાતાં ઘણા જીવોને પ્રિય થઇ પડે છે. ગાયનથી મનુષ્યો તેમ જ પશુઓનું પણ ચિત્ત લય પામે છે, જેથી કવિતા તરફ રુચિ કરાવી લોકોને નીતિના રસ્તે દોરવાનું કાર્ય આવા મનોરંજક રસભક્તિવાળા રાસો વડે ગુજરાતી ભાષામાં જૈન મહાત્માઓએ કરેલ છે તેમ ચોક્કસ જણાય છે.

શાસ્ત્રોના વાચનનું કામ બાળ જીવોને માટે કઠિન હોવાથી આવા રાસો વાંચવાથી તે વધારે પ્રિય થઇ પડતાં જલદી બોધ પામી શકે છે. કેટલાક રાસો વાંચતાં તેના રચનાર મહા-પુરુષોએ તર્ક અને કવિત્વશક્તિને એટલી બધી સરાણે ચડાવી હોય છે કે તે વાંચતાં તે પુરુષોના બુદ્ધિબળની પ્રશંસા સ્વાભાવિક રીતે આપણાથી થઇ જાય છે.

દરેક રાસમાં મુખ્ય પાત્રે સંસારને ત્યાગી સ્વર્ગ કે મોક્ષસુખની પ્રાપ્તિ કર્યાનું જણાય છે કે જે દરેક જીવને અંતે મેળવ્યા સિવાય છુટકો નથી. મોક્ષગામી ઉચ્ચ પાત્રને જ કવિશ્રી મૂળ ગ્રંથોમાંથી મુખ્ય પાત્ર તરીકે રાસમાં પસંદ કરે છે અને ખરેખરા સદ્વર્તનશાળી ઉચ્ચ કોટીના પાત્રને જનસમૂહ આગળ ખડા કરી તેના જીવનવૃત્તાંતથી શ્રોતાઓને-વાચકોને સદ્ગુણશાલી બનાવે છે. આત્માને મોક્ષ પ્રાપ્ત કરાવવાનો મહાપુરુષોનો-કવિઓનો આ શ્રમ સ્તુતિપાત્ર આવકારદાયક અને ઉપકારક છે

જૈન કવિઓના બનાવેલા અનેક રાસોમાંથી કેટલાક જેવા કે વિમલમંત્રીશ્વરનો રાસ-કુમારપાળનો રાસ વગેરે વાંચવાથી કેટલુંક ઐતિહાસિક જ્ઞાન પણ આપવાનો યોગ્ય પ્રયત્ન થયો છે, એટલે જૈન મહાત્માના રાસોમાં માત્ર કવિતા, અને જીવનવૃત્તાંત છે તેટલું જ નહીં પરંતુ ઐતિહાસિક સાહિત્ય પણ આવેલું છે. આની સાથે શુદ્ધ વ્યવહારનું જ્ઞાન,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કેટલેક સ્થળે જ્યોતિષ તથા સામુદ્રિક શાસ્ત્રનું જ્ઞાન પણ કિંચિત્કિંચિત્ જણાય છે. વળી જૈન ધર્મના બાવીસમા જૈનેશ્વર શ્રી નેમિનાથના જે ભાઇ થતા હતા તે મહાત્મા શ્રીકૃષ્ણ જ. યાદવો વગેરે પણ જૈન ધર્મી હતા. વલ્લભીપુરના રાજા શિલાદિત્યના દરબારમાં જૈન મહાત્માઓ ધર્મ સંબંધી સંવાદ લોકભાષામાં કરતા હતા. વનરાજ ચાવડાથી માંડીને વિશળદેવ વાઘેલા અને રાજા કુમારપાળ સુધી જો ઇતિહાસ તપાસીએ તો તેમાં પણ જૈન મુનિઓ અને જૈન મંત્રીઓ દર્શન દેતા જણાય છે. જૈનોના સંપૂર્ણ ઉદયકાળમાં બીજા મહાપુરુષો બીજાઓ તરફ ઉદાર ભાવથી વર્તતા હતા, એમ ગુજરાતનો જૈનોનો ઇતિહાસ અને આવા ગુજરાતી રાસો તપાસતાં જણાય છે તેટલું જ નહીં પરંતુ જેમ જૈન મુનિઓએ રાસો, કાવ્યો, ઇતિહાસ અને ઉપદેશગ્રંથો લખી ગુજરાતી સાહિત્યની વૃદ્ધિ કરી છે તેમ જૈન ગૃહસ્થો વસ્તુપાળ જેવા અમાત્યો વગેરેએ પણ કાવ્યો વગેરે લખી સાહિત્યમાં અભિવૃદ્ધિ કરી છે; જેથી જૈન ધર્મનો ઇતિહાસ તપાસતાં એમ જણાય છે કે ગુજરાતી સાહિત્યની વૃદ્ધિ માટે અને ધર્મનીતિના સિદ્ધાંતોના જનસમાજમાં પ્રસાર માટે જૈન કવિવરોએ અસાધારણ શ્રમ લઇ બીજાઓ માટે અનુકરણીય દૃષ્ટાંત મૂક્યું છે.

આ પ્રકારનું જે જૈન સાહિત્ય હજી પણ અપ્રકટ અવસ્થામાં પ્રમાદ અને ઉધઇને લઇને નાશ પામે છે તેને જલદી બહાર લાવવું જોઇએ. અત્યારના બ્રીટીશ રાજ્યમાં તે સંરક્ષિત હોવાથી તેને પ્રકટ કરવાનું કાર્ય જૈનદર્શનના શ્રીમાનો જલદી મુખ્યત્વે હાથ ધરશે અને ગુજરાતી સાહિત્યમાં પોતાનો ફાળો આપી તેમાં અભિવૃદ્ધિ કરશે એમ અમે નમ્ર ભાવે સુચવીએ છીએ.

ઉપર જણાવેલ રાસાઓ ધર્મસ્થાનમાં આજે પણ ચોમાસામાં નિવૃત્તિના દિવસોમાં તેમ જ કેટલેક સ્થળે ઉનાળાના લાંબા દિવસોમાં પણ બપોરના વખતે ધર્મગુરુઓ અને જાણકાર ગૃહસ્થો વાંચે છે ને અનેક શ્રોતાઓ શ્રવણ કરે છે. જૈનશાસ્ત્રો-આગમો વાંચવા વિચારવા કે સમજવાનું સામાન્ય જીવો માટે મુશ્કેલ હોવાથી સર્વના લાભ માટે ધર્મ-નીતિનું સરલ રીતે શિક્ષણ આપનારા આવા રાસો દેશભાષામાં રચનારા માહપુરુષોએ છેલ્લાં ચારસેં પાંચસેં વર્ષનો ભૂતકાળ તપાસતાં જનસમૂહ ઉપર મહદ્ ઉપકાર કર્યો છે એમ સહજ કબુલ કરવું પડે છે. ગુર્જરી ભાષાના પ્રદેશમાં જૈન કવિઓ સારી રીતે દીપી નીકળ્યા છે. આવા રાસોમાં આવેલી તેમની કવિતાઓએ અનેક રંગો દેખાડયા છે. અનેક દાખલા, દૃષ્ટાંતો, ઉપનયો આપી દાન, શીલ, તપ, ભાવના, અહિંસા, સત્ય, બ્રહ્મચર્ય, સર્વ જીવ પ્રત્યે મૈત્રી, કરુણા, પ્રમોદ અને માધ્યસ્થપણું વગેરે બાબતોનો મહિમા બતાવવા જૈન કવિશ્રીઓએ સાચો શ્રમ લીધો છે. અમુક દેવનું, અમુક ધામનું કે અમુક અવતારનું જ વર્ણન માત્ર લઇ તે માટે રાસો બનાવ્યા છે એમ નથી, પરંતુ ધર્મનીતિના સિદ્ધાંતો તરફ જ જનસમૂહને વાળી શકાય તેવાં પાત્રો આગમ-મૂળ સૂત્રોમાંથી પસંદ કરી તેમનાં વર્ણનો બનાવવાનો પ્રયત્ન આ રાસોમાં કરવામાં આવ્યો છે. ગૌતમ સ્વામીજીનો રાસ કે જે તે જ વ્યક્તિ માટે લખાયેલ છે તેવા દાખલાઓ જુજ છે. કોઇ પણ મહાશયે જૈન ગુજરાતી સાહિત્યને અત્યાર સુધી પુરતો ઇન્સાફ આપ્યો નથી તેથી તે તરફ જનસમાજનું લક્ષ જોઇએ તેવું ખેંચાયું નથી. જૈન કવિતાઓ ગુજરાતી ભાષા ગુજરાતમાં જન્મ પામ્યાનું બતાવી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આપે છે. તે ભાષાની કવિતામાં સવિ, નયરી વગેરે જુની ગુજરાતી ભાષાના શબ્દોનો ઉપયોગ થયેલો હોવાથી ગુજરાતી ભાષાના સાહિત્યમાંથી તેને ગૌણ કરવાનું કોઇ પણ રીતે વ્યાજબી નથી. જો કે આપણી આ ગુજરાતી સાહિત્ય પરિષદ્દનું લક્ષ તેના ઉપર કેટલાક વખતથી ગયેલ હોવાથી જૈન સાહિત્યે ગુજરાતી સાહિત્યમાં પણ મ્હોટો ફાળો આપ્યો છે એમ હવે કેટલાક સાહિત્યપ્રેમી સાક્ષર બંધુઓને જણાયું છે તે ખુશી થવા જેવું છે.

હાલમાં માત્ર ગુજરાતી પાંચ ધોરણ ભણી ઇંગ્રેજી સ્કુલો અને આગળ કોલેજમાં દાખલ થઇ અનેક ઉપાધિ મેળવનાર કેટલાક ગુજરાતી બંધુઓ કહે છે કે હાલના વિદ્વાનોની સંસ્કૃતમય ગુજરાતી ભાષા અમારાથી સમજાતી નથી, તેટલા ઉપરથી તેવા વિદ્વાનોની તેવી કૃતિઓથી દૂર રહેવાય નહીં, તો પછી જૈનોની ગુજરાતી ભાષાને પણ ગુજરાતી ભાષાસાહિત્યનું અંગ ન કહેવું એમ બને જ નહીં. પ્રથમથી જ જૈન સાહિત્ય તરફ બેદરકારી બતાવવામાં આવી ન હોત, તો ગુજરાતી સાહિત્યને પરિપુષ્ટ થવાની સારી જોગવાઇ ક્યારનીએ મળી ગઇ હોત, જો કે આમાં કેટલેક અંશે જૈન કોમ પણ પોતાના તેવા પ્રમાદ માટે ઠપકાપાત્ર છે.

કેટલાક વિદ્વાનો કહે છે કે જૈન ગદ્ય, પદ્ય સાહિત્ય તો માત્ર તેમના ધર્મને લગતું હોવાથી ભાષાના અભ્યાસીઓનું લક્ષ તેના તરફ ખેંચાયું નથી. અમો તે ના કહીએ છીએ, અને સાથે નમ્રતાપૂર્વક પુછવા માગીયે છીયે કે શું નરસિંહ મહેતાની કે શું પ્રેમાનંદની કે શું દયારામભાઈ કે ભાલણ કવિની કે બીજા કોઇ ગુજરાતી કવિની કવિતાઓ ધર્મ સિવાય બીજા વિષયની છે ? એક સામળભટ્ટ સિવાય બીજા જુના કવિઓની કવિતા પોતાના ધર્મને લગતી જ છે. પોતપોતાના અનેક ધર્મને લગતી કવિતાઓને ગુજરાતી ભાષાના સાહિત્યમાં સ્થાન મળે તો પછી જૈન કવિઓની કવિતાઓને પણ ગુજરાતી ભાષા સાહિત્યમાં સ્થાન મળવું જ જોઇએ.

ઘણું ખરૂં સંસ્કૃત કવિઓનું અનુકરણ કરી અસલના ગુજરાતી કવિઓ પોતાની કવિતાઓ રચી ગયા છે અને તેમાં ઘણો ભાગ ધર્મ સંબંધી છે. આપણા ભારતવર્ષમાં ધર્મભાવનું, આત્મવાદનું પ્રાબલ્ય હોવાથી જેઓ ધર્મ સંબંધી કવિતા લખે છે, તે જ કવિતા, કથા કે રાસ આ દેશની પ્રજાને પછી તે પોતે ગમે તે ધર્મ માનતી હોય તેને પ્રિય તથા પૂજ્ય થઇ પડે છે અને તેઓ પરંપરાએ અમર થાય છે. જેથી આટલી હકીકત સ્પષ્ટ સમજાશે કે ધર્મ વિષયે લખાયેલી કવિતાઓ–રાસાઓ પણ ગુજરાતી સાહિત્યમાંથી બાતલ કરી શકાય નહિ કારણ તે પણ ગુજરાતી સાહિત્યમાં અમુક સ્થાન ભોગવે છે અને ગુજરાતી સાહિત્યની અભિવૃદ્ધિના અંગો પૈકીનું એક મુખ્ય અંગ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org